# બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર થતી અસરનો અભ્યાસ

સ્નેહા મહેશભાઈ દરજી
પીએચ. ડી રિસર્ચ સ્કૉલર,
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

માર્ગદર્શક
ડૉ. કમલેશકુમાર એન. ગોહેલ
આસી. પ્રોફેસર,
શ્રીમતી કે. સી. એમ. શાહ બી. એડ્. કોલેજ, કાંકણપુર

**સારાંશ:**
*ગુણવત્તાયુક્ત શિક્ષણની સંકલ્પનાને સાકાર કરવા માટે શિક્ષણનું સર્વગ્રાહી મૂલ્યાંકન એક અતિ આવશ્યક અને અભિન્ન અંગ છે. આ મુલ્યાંકનને આધારે શાળાકીય ભૌતિક સુવિધાઓ અને તમામ શૈક્ષણિક બાબતોનું મૂલ્યાંકન કરીને તેના આધારે જરુરી નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય કરીને શિક્ષણન પ્રક્રિયાનેસફળ અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય છે. તેથી પ્રસ્તુત સંશોધનમાં બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર શી અસર થાય છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તે માટે પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાની ૫૦ જેટલી શાળાના ૧૦૦ શિક્ષકો અને ૫૦ આચાર્યો પાસેથી અભિપ્રાયો જાણવા માટે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેના પૃથ્થકરણ પરથી પ્રસ્તુત અભ્યાસનાં તારણો નિકાળવામાં આવ્યા હતા. તેના પરથી જાણવા મળે છે કે બેઝલાઈન અસેસમેન્ટના મુલ્યાંકનને આધારે શાળાની ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક બાબતોમાં કયા-કયા સુધારા કરી શાળાનો સમગ્ર વિકાસ કરી શકાય અને શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવી શકાય તે અંગેનું આયોજન કરી શકાય છે.*

---

**ચાવીરૂપ શબ્દો:** *નિપુણ ભારત, બેઝલાઈન એસેસમેન્ટ, પ્રાથમિકશાળા. શિક્ષણ*

---

## ૧. પ્રસ્તાવના

ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની પહેલના ભાગરુપે ગુજરાત સરકાર દ્વારા નવીનત્તમ શિક્ષણની પધ્ધતિઓ અને પ્રવિધિઓને અપનાવવામાં આવી છે જેના દ્વારા વિદ્યાર્થીઓને તેમના પાયાનું શિક્ષણ મેળવવા જરૂરી તમામ ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક બાબતો ખુબ જ અધ્યતન અને સરળ રીતે પ્રાપ્ય થઈ શકે છે અને સરકાર દ્રારા તેને પુરી કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. જેમાં ગુજરાત સરકાર દ્રારા ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ- અંતર્ગત મૂલ્યાંકનનાં ધોરણો નક્કી કરીને દરેક સરકારી પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક બાહ્યમુલ્યાંકન કરવામાં આવે છે. જેના પરિણામોને આધારે શાળાકીય ઉપચારાત્મક અને નિદાનાત્મક કાર્યની જરૂરિયાતને યોગ્ય દિશાસૂચન મળે છે. જેના આધારે શાળાવિકાસ પ્લાન બનાવીને આજની તારીખે શાળાની શું સ્થિતિ છે, અને હવે પછી શું પ્લાન છે તથા આ કામગીરી કેટલા સમયમાં થઈ શકશે એ અંગેની બાબતો નક્કી કરીને શાળાનો વિકાસ કરી શકાય છે. આથી બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર કેવી-કેવી અસર થાય છે તે જાણવાના હેતુથી પ્રયોજકે આ સંશોધન હાથ ધર્યું હતું.

## ૨. શીર્ષક

બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર થતી અસરનો અભ્યાસ

### ૩. સંશોધનનું મહત્ત્વ

બેઝલાઈન એસેસમેન્ટ એ એક પ્રકારનું મુલ્યાંકન છે અને શાળાકીય મુલ્યાંકન એ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાનું એક મહત્વપુર્ણ અંગ છે. જેના દ્વારા આપણે જાણી શકીએ છીએ કે વિદ્યાર્થીઓ શું જાણે છે અને શું કરી શકે છે. જેનાથી વિધ્યાર્થીઓને ભણાવવામાં અને શીખવવામાં શિક્ષકોને મદદ થાય છે. મૂલ્યાંકન એક નિરંતર અને સતત ચાલતી પ્રક્રિયા છે. જે શિક્ષકોની કાર્યક્ષમતા અને સફળતાનું પણ માપન કરે છે. શિક્ષકોને વિદ્યાર્થીઓના વ્યવહાર સંબંધી પરિવર્તનોની પણ જાણ થાય છે. વર્ગના વિદ્યાર્થીઓની સરેરાશ શ્રેણીથી પણ શિક્ષક માહિતગાર થાય છે. મૂલ્યાંકનથી નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય કરીને વિધ્યાર્થીની કચાશ દૂર કરી શકાય છે. અને વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરીને તેનામાં અપેક્ષિત સુધારા પણ લાવી શકાય છે. નવી-નવી શિક્ષણ પ્રવિધિ અને પ્રવૃત્તિની શોધ કરી અને સમગ્ર શિક્ષણની પ્રક્રિયા પર સુધારા કરી શિક્ષણને એક ઉચ્ચતમ શિખર પર લઇ જઈ શકાય છે.

### ૪. સંશોધનના હેતુઓ

૧. બેઝલાઈન અસેસમેન્ટથી શાળાના શિક્ષણ પર થતી અસરનો અભ્યાસ કરવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
૨. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની ભૌતિક સુવિધાઓના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો તપાસવા.
૩. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની શૈક્ષણિક બાબતોના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો તપાસવા.
૪. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની ભૌતિક સુવિધાઓના સંદર્ભમાં આચાર્યોના અભિપ્રાયો તપાસવા.
૫. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની શૈક્ષણિક બાબતોના સંદર્ભમાં આચાર્યોના અભિપ્રાયો તપાસવા.

### ૫. સંશોધનના પ્રશ્નો:

૧. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત પ્રાથમિક શાળાના કયા-કયા પાસાઓનું મુલ્યાંકન થાય છે?
૨. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની ભૌતિક સુવિધાઓના મુલ્યાંકન અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?
૩. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની શૈક્ષણિક બાબતોના મુલ્યાંકન અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?
૪. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની ભૌતિક સુવિધાઓના સંદર્ભમાં આચાર્યોના અભિપ્રાયો કેવા હશે?
૫. બેઝલાઈન અસેસમેન્ટ અંતર્ગત શાળાની શૈક્ષણિક બાબતોના મુલ્યાંકન અંગે આચાર્યોના અભિપ્રાયો કેવા હશે?

### ૬. સંશોધનનો પ્રકાર અને પધ્ધતિ

આ સંશોધનનો પ્રકાર વર્ણનાત્મક છે અને સંશોધનની પધ્ધતિ સર્વેક્ષણ પ્રકારની છે.

### ૭. સંશોધનની મર્યાદા

- પ્રસ્તુત સંશોધનમાં અભિપ્રાયો આધારિત તારણો તારવવામાં આવેલા હોવાથી નિદર્શ-પાત્રોની મર્યાદાઓ એ પ્રસ્તુત સંશોધનની મર્યાદા છે.
- પ્રસ્તુત સંશોધનમાં બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર થતી અસરનો અભ્યાસ કરવા માટે સંશોધક દ્વારા સ્વરચિત અભિપ્રાયાવલિનો સંશોધન ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હોવાથી આ અભિપ્રાયાવલિની તમામ મર્યાદાઓ પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ છે.

### ૮. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં બેઝલાઈન એસેસમેન્ટની પ્રાથમિક શાળાના શિક્ષણ પર થતી અસરનો અભ્યાસ કરવા માટે સંશોધક દ્વારા સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ સંશોધન ઉપકરણ તરીકે કરવામાં આવેલ હતો.

### ૯. વ્યાપવિશ્વ અને નમુનો

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આ સંશોધન રાધનપુર તાલુકાની ૫૦ શાળાઓના ૧૦૦ શિક્ષકો અને ૫૦ આચાર્યોનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૧૦. માહિતીનું પૃથ્થકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અભિપ્રાયાવલિ દ્રારા પ્રાપ્ત થયેલ માહિતી પરથી અંકશાસ્ત્રીય પધ્ધતિનો ઉપયોગ કરી માહિતીનું પૃક્કરણ કરીને નીચે મુજબ તારણો તારવ્યાં હતાં.

### ૧૧. તારણો

શાળાની ભૌતિક સુવિધાઓના સંદર્ભમાં શાળાને રંગરોગાન કરાવવું, શાળા-કંમ્પાઉંડ વોલ બનાવવું, કીચન શેડ બનાવવો, ગ્રીન સ્કૂલ બનાવવી, બાલા પ્રોજેક્ટની માંગણી કરવી, શાળામાં પાણીની સુવિધા, શાળાના ઓરડાની સુવિધા, મ્યુઝિક સુવિધા લાવવી તે તમામ બાબત બેઝલાઈન એસેસમેન્ટમાં કરી શકાય છે.

આ સુવિધા ઉભી કરવા માટે કોની-કોની સહાયતા આ બાબતે લઈ શકાય છે તે નક્કી કરી કઈ-કઈ ઓફીસમાં આ બાબતે રજૂ કરી શકાય છે જેમની પાસેથી આપણને મદદ મળી શકે છે તે જાણી જેમ બને તેમ શાળા માટે કઈ રીતે સારું થઈ શકે છે તે અંગે કાર્ય આપણે કરી શકીએ છીએ.

શાળાની શૈક્ષણિક બાબતો જેવી કે વિધ્યાર્થીઓના વાંચન, લેખન, ગણન, ગુહકાર્ય લાવવા બાબત,પ્રોજેક્ટ કાર્ય બાબત, વિજ્ઞાન મેળા બાબત, બાહ્ય પરીક્ષાઓ બાબત વગેરેમાં સુધારો કરવા માટે બેઝલાઈન અસેસમેન્ટમાં તેને લઈ શકાય છે. ગત ગુણોત્સવમાં શૈક્ષણિક રીતે શાળાનો કયો ગ્રેડ છે અને હવે આગળ ગુણોત્સવમાં ૧ વર્ષ બાદ આમાં કેટલો સુધારો કરી શકાય છે તે માટે કયા-કયા પ્રયત્નો કરીશું તેનો તેમાં ઉલ્લેખ કરવામાં આવે છે.

શાળામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યામાં કઈ રીતે સુધારો કરી શકાય છે? શાળાના વાંચન, લેખન, ગણનનું સ્તર સુધારવા કઈ પધ્ધતિઓ અને પ્રવિધિઓ અપનાવી શકાય છે? બાહ્ય પરીક્ષાઓમાં વિધ્યાર્થીઓની ભાગીદારી કઈ રીતે વધારી શકીએ તે તમામ બાબતો અંગેનું આયોજન થઈ શકે છે. અને આ તમામ બાબતો માટે શાળામાં આવતી ગ્રાન્ટ અને દાતાઓ તરફથી કેટલી ગ્રાન્ટ મળી શકશે તે જોઈ અને ભવિષ્યના લક્ષ્યાંકો નક્કી કરી શકાય છે.

ટૂંકમાં ૧વર્ષ, ૨વર્ષ કે ૩ વર્ષ બાદ અમારે શાળાને કઈ-કઈ બાબતતોમાં કેટલી આગળ લઈ જવી છે તે બાબતે સ્પષ્ટતા કરવા શાળા-વિકાસ પ્લાનનું આયોજન કરી શાળાનું ભવિષ્ય પ્લાનીંગ કરવા માટે બેઝલાઈન એસેસમેન્ટ એક ગોલ નક્કી કરવા જેવી બાબત છે.

### સંદર્ભસુચિ

૧. પટેલ, બી.વી. અને શાસ્ત્રી જે (૧૯૮૫-૮૬) "પ્રાથમિક શિક્ષણમાં શૈક્ષણિક કાર્યક્રમો" (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ બી.એસ. પ્રકાશન.
૨. દરજી ડી. આર (૧૯૯૭) "શૈક્ષણિક અને મૂલ્યાંકનની પ્રવિધિઓ" (દ્વિવત્તિય આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય.